# જય જિનેન્દ્ર

વર્ષ ૧ : અંક ૨ ● સં. ૨૦૫૮, ચૈત્ર વદ ૫, બુધવાર, તા. ૧ મે, ૨૦૦૨


## એક વિરાટ વ્યક્તિત્વની ખોજ

**તંત્રીસ્થાનેથી**

એક યુગ હતો જ્યારે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે જૈનધર્મને તેની સર્વોચ્ચ ઊંચાઈ ઉપર પહોંચાડી દીધો હતો. આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિગિરિ જેવા ગુરુવર્યોની પ્રેરણાથી સમ્રાટ સંપ્રતિએ જૈનધર્મને ભારતના સીમાડાની બહાર પહોંચાડ્યો હતો. સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે અન્યતીર્થિકોનાં હાજાં ગગડી જાય એવી પ્રવચનપ્રભાવના કરી બતાવી હતી. 'અન્યતીર્થિકો માથું ઊંચકી રહ્યા છે' એવું સાંભળવા માત્રથી સાધ્વીજીના મુખમાંથી તત્કાલ શબ્દો સરી પડ્યા હતા : 'सूरिरस्तगतो नूनं सिद्धसेनदिवाकरः।' જરૂર સિદ્ધસેન નામના સૂર્યનો અસ્ત થઈ ગયો લાગે છે, નહીં તો ઘુવડોની શી મજાલ કે તેઓ માથું ઊંચકી શકે! સિદ્ધસેન દિવાકરસૂરિ જેવી વિરાટ પ્રતિભા સામે અંધકારના રાજાઓનું કામ નહીં! કાલકાચાર્ય મહારાજે વિરાટ રાજસત્તાના દાંત ખાટા નહોતા કરી નાખ્યા? આખરે તેઓ જૈનશાસન સામે રાજશાસનનો પરાભવ કરીને જ જંપ્યા હતા. હેમચંદ્રાચાર્યજીનો સાહિત્યવૈભવ, વજ્રસ્વામીનો પ્રભાવનાવૈભવ, ભદ્રબાહુસ્વામીનો જ્ઞાનવૈભવ, જગતચંદ્રસૂરિ મહારાજનો ચારિત્રવૈભવ, હરિભદ્રસૂરિ મહારાજનો શ્રુતવૈભવ. કેટકેટલાં નામો ગણીશું? કોને યાદ કરશું ને કોને ભૂલશું? કેવી વિકટ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં અભયદેવસૂરિ મહારાજે નવાંગી વૃત્તિઓ રચી! આ એમનો વૃત્તિવૈભવ!

આ બધો ઇતિહાસ આજે યાદ કરવાનું શું પ્રયોજન છે? એ જ કે મહાન જૈનધર્મની આજની સ્થિતિ ખુશ થવા જેવી નથી. જ્ઞાનાભ્યાસના ક્ષેત્રે આજની પેઢી ખૂબ કંગાળ પૂરવાર થઈ રહી છે. ધૂમ પૈસો વપરાય એ જ જો શાસન પ્રભાવનાનો માપદંડ હોય તો તો જાણે હરખાવા જેવું ઘણું છે. સદ્‌ભાગ્યે ધનશક્તિથી જૈનશાસનનું ઓજસ નથી મપાતું. માટે જ ઉપાધ્યાય શ્રીયશોવિજય મહારાજને વેદના થઈ આવી અને તેમણે વ્યથાપૂર્ણ રજૂઆત કરવી પડી કે 'ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે...' કેમ, તે કાળે પૈસા નહોતા વપરાતા? આજ કરતાં ય વધારે વપરાતા હતા. તો પછી ભગવાનનાં ચરણોમાં કેમ પોકાર કરવો પડ્યો હશે? કારણ એક જ હતું કે જૈનશાસનમાં આર્થિક માપદંડોની બોલબાલા ક્યારેય હતી જ નહીં. અહીં તો આચરણનાં ગુણગાન હતાં, અહીં તો જ્ઞાનધ્યાનનાં ગુણગાન હતાં, અહીં તો સ્વાધ્યાયની બોલબાલા હતી. આ શાસનમાં તો તપમાં, ત્યાગમાં, આચરણમાં સ્પર્ધાઓ હતી. આજે બધું જ (રિપિટ, બધું જ) માત્ર પૈસાથી મપાય છે.

આજે અંગત પ્રતિષ્ઠાની બોલબાલા વધી છે. શાસનની ચિંતા ઓછી છે, 'મામકાઓ'ની ચિંતા વધારે છે. કહેવાતી આબરૂઓ બચાવવા માટે આજે ધનશક્તિને કામે લગાડવામાં આવે છે. આજના સાધુ પાસે જો ધનશક્તિ હોય તો તેના બધા ગુના માફ છે. માત્ર જ્ઞાનની મૂડીવાળા સાધુની આજના માર્કેટિંગના જમાનામાં કોડીયે ન ઊપજે! ચારિત્ર? સમજ્યા હવે! આચરણ? તેનું તો જ્ઞાન હોય તોય બસ.

ભારતના એક મૂર્ધન્ય રાજનેતા બીજુ પટનાયકે એકવાર કહ્યું હતું કે 'જો તમારી પાસે સો કરોડ રૂપિયા વેરવાની તાકાત હોય તો તમે આ દેશના પ્રધાનમંત્રી ખુશીથી બની શકો છો!' નેતૃત્વ નહીં, અનુયાયીઓ નહીં, કશું જ નહીં. માત્ર આર્થિક તાકાત તમને પ્રધાનમંત્રી બનાવી શકે.

જૈનશાસનમાં આજે કેવી સ્થિતિ છે? અહીં પણ જો આર્થિક સામ્રાજ્ય વિશાળ હોય તો શિષ્યોની ફોજો ઊભી કરી શકાય છે. ભક્તોનાં ટોળાં જમાવી શકાય છે. ભાડુતી પ્રતિષ્ઠા ખરીદી શકાય છે. જે વસ્તુ આજની રાજનીતિમાં બની રહી છે તે જ વસ્તુ આજની ધર્મનીતિમાં પણ બની રહી છે. રાજકારણમાં અપરાધીકરણ વધ્યું છે. ધર્મમાં પણ અપરાધીકરણ વધ્યું છે. રાજકારણમાં સ્વપક્ષના ગુનેગારોને પણ છાવરવાની અને પરપક્ષના સજ્જનોને પણ ભાંડવાની બોલબાલા ચાલે છે. ધર્મના ક્ષેત્રમાં પણ આ જ બધું થઈ રહ્યું છે. જૈનધર્મ જેવા ઉદાત્ત ધર્મમાં પણ જ્યારે આ વાત બની રહી છે ત્યારે ક્યાંક કંઈક ભૂલ થઈ રહી હોય એમ લાગે છે.

જેમની પાસે સમાજને દોરી શકવાની, ઝુકાવી શકવાની, સમજાવી શકવાની, બદલી શકવાની તાકાત છે એવા આચાર્યો પણ આજે કર્તવ્ય ભૂલ્યા છે. જેમની પાસે જૈનશાસનના મૂળભૂત સિદ્ધાંતો પ્રત્યે વફાદારીની અપેક્ષા હોય તેવા આચાર્યો આજે પોતાની નિષ્ઠા ચૂક્યા છે. આજે ફરિયાદ કરવાની કોઈ જગા બચી નથી. 'જાએં તો જાએં કહાં' એ સ્થિતિ આજે જૈનશાસનની બની છે. વાડે ચીભડાં ગળવાનું ચાલુ કર્યું છે. રક્ષક આજે ભક્ષક બન્યો છે. સામાન્ય માણસ ગુનો કરે અને ખાખી વરધીધારી પોલીસ ગુનો કરે ત્યારે ગુનો સરખો મનાતો નથી. અહીં સમાનતાનો સિદ્ધાંત નથી હોતો. પોલીસના ગુનાની ગંભીરતા વધી જાય છે. આગ ઓલવવાની જવાબદારી જેના શિરે છે તે ફાયર બ્રિગેડ જ જો આગ લગાડે તો આગ બુઝાવવાની ફરિયાદ કોને કરવી? સત્યની રક્ષા કરવાની ફરજ અદા કરવાના બદલે જે સત્યને પૈસાની થેલીઓ નીચે દફનાવી દે છે એ આચાર્ય પોતાની જવાબદારી ચૂકે છે. સત્યની કબર ઉપર અસત્યના દીવાઓ થાય છે. આ બધું જોઈને જૈનધર્મનો મહાન ભૂતકાળ અનાયાસે જ યાદ આવી ગયો. એ યુગ હતો જ્યારે સિદ્ધસેન દિવાકરસૂરિ જેવા સમર્થ સાધુને પણ અતિ ગંભીર પ્રાયશ્ચિત્ત મળ્યું હતું. તેમના ગુરુએ સિદ્ધાંત સાથે બાંધછોડ કરી હોત તો કોઈ શું કરી લેવાનું હતું? પણ એ ગુરુઓને અંતરાત્મા જેવું કંઈક હતું. તેઓ સમજતા હતા કે મારે શિષ્યનું ખેંચવાનું નથી મારે જિનશાસનનું ખેંચવાનું છે. સત્ય, નીતિ, નિષ્ઠા, પ્રામાણિકતા વગેરેનો ઉપદેશ આપનારા આચાર્યોએ સત્ય, નીતિ, નિષ્ઠા અને પ્રામાણિકતાને અનુસરવાની પહેલાં જરૂર છે.

આપણા નીતિકારોએ રાજાનું એક લક્ષણ બાંધ્યું છે : भीमकान्तगुणो राजा। રાજાની એક આંખમાં કરુણા હોય, એક આંખમાં આગ હોય. તેની એક આંખમાં વાત્સલ્ય હોય, એક આંખમાં કઠોર દંડનીતિ હોય. જે 'શાસન' કરતો નથી તે રાજા નથી, પ્રજાનો શત્રુ છે. એવા રાજાની છત્રછાયા નીચેની પ્રજાને ભગવાન જ બચાવી શકે. જે ફરજ ચૂકે છે તે ગુરુ, ગુરુ નથી. તે નેતા, નેતા નથી. તે તો ધર્મના વિનાશનું પહેલું પગથિયું ચણે છે.

આજે જરૂરત છે એક એવા વિરાટ વ્યક્તિત્વની, જે ધર્મને, શાસનને તેની મૂળ ગરિમા પાછી અપાવે. ધર્મને ધર્મ જ રહેવા દઈએ. એને માર્કેટિંગનું સાધન ન બનાવી દઈએ. જેમના શિરે શાસનના યોગક્ષેમની જવાબદારી છે તે ગુરુજનોએ નિષ્ઠાથી પોતાની જવાબદારી વહન કરવાની જરૂરત છે. કમનસીબે દૂર દૂર પણ આવું કોઈ વ્યક્તિત્વ અત્યારે તો દેખાતું નથી.

## આગ ઓલવવાની જવાબદારી જેના શિરે છે તે ફાયર બ્રિગેડ જ જો આગ લગાડે તો?

## આગમનો આસ્વાદ

## મધનો ઘડો અને ઝેરનો ઘડો

શ્રમણ ભગવાન મહાવીરે જગતની વિવિધતાઓ અને વિચિત્રતાઓ ઉપર ખૂબ જ વિશદ પ્રકાશ પાડ્યો છે. સ્થાનાંગસૂત્રમાં તેમણે જગતના જીવોનું જે સ્વરૂપદર્શન કરાવ્યું છે તે જ્ઞાનદાયક તો છે જ, ઉપરાંત આનંદદાયક પણ છે.

મધ અને ઝેરના ઘડાની ઉપમા દ્વારા ભગવાને માણસના અંતઃકરણનું દર્શન કરાવ્યું છે તે જોવા જેવું છે.

૧. એક ઘડો એવો હોય જેમાં મધ ભરેલું હોય. આનું ઢાંકણ પણ મધુર હોય.

૨. એક ઘડો એવો હોય જેમાં મધ તો ભરેલું હોય પણ તેનું ઢાંકણ ઝેરી હોય.

૩. એક ઘડો એવો હોય જેમાં આમ તો ઝેર ભરેલું હોય પણ તેનું ઢાંકણ મધુર હોય.

૪. એક ઘડો એવો હોય જેમાં ઝેર તો ભરેલું હોય જ પરંતુ તેનું ઢાંકણ પણ ઝેરી હોય.

આમ કહીને ભગવાને લોકોના પ્રકારો પાડ્યા. તેમણે કહ્યું કે ચાર પ્રકારના લોકો હોય છે. કેટલાક લોકો એવા હોય જેના હૈયે પાપ કે ક્લેશ ન હોય અને તેમની જીભે પણ પાપ કે ક્લેશ ન હોય. મતલબ કે તેઓ હૈયે પણ મધુર, નિષ્પાપ, ક્લેશ વગરના હોય અને બોલચાલમાં ય મધુર, નિષ્પાપ, ક્લેશ વગરના હોય. આ પહેલા પ્રકારના ઘડા જેવા માણસો થયા. બહુ જ ઊંચાઈ ઉપર પહોંચેલા અત્યંત ખાનદાન માણસો આ વર્ગમાં આવે.

કેટલાક લોકોના હૈયે તો પાપ કે ક્લેશ ન હોય પણ બોલવામાં તેઓ બહુ આકરા હોય. આ બીજા પ્રકારના ઘડા જેવા લોકો થયા. પેટમાં પાપ નહીં, પણ ભડભડીયા લોકો આ વર્ગમાં આવે! મનના ચોખ્ખા, પણ તડને ફડ કરી નાખે!

કેટલાક લોકો એવા હોય જેઓ બોલચાલમાં તો મીઠા મધ જેવા હોય, પરંતુ તેમના મનમાં છલોછલ પાપ ભરેલું હોય. આવા લોકો મધુર ઢાંકણવાળા ઝેર ભરેલા ઘડા જેવા હોય. મુખમેં રામ બગલમેં છુરી જેવા માણસો! આમનું પનારૂં પડે એને દેખીતા દુશ્મનોની કોઈ જ જરૂર નહીં! પીઠ પાછળ ક્યારે ઘા કરી નાખે તે ખ્યાલમાંય ન આવે! દેખીતા દુશ્મનથી તો માણસ સાવધાન પણ રહી શકે. આ તો મિત્ર બનીને શત્રુધર્મ અદા કરે!

હવે સૌથી છેલ્લા પ્રકારના લોકો. આ લોકો અંદરથીયે પાપી હોય અને બોલવામાંય કડવાઝેર હોય! આ વર્ગના લોકો ચોથા ઘડા જેવા ગણાય. બધી વાતે પૂરા!

ભગવાન મહાવીરનાં વચનો એટલે માત્ર કોરૂં અને શુષ્ક તત્ત્વજ્ઞાન કે કેવળ કઠોર આચાર વિચારનું નિરૂપણ એવું નહીં, એમાં તો ધબકતા હૈયાની અનુભવવાણીનો પ્રકાશ પણ એટલો જ મળે.

**– પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

## એક મુનિવરની ડાયરીમાંથી

## ....ત્યારે ખૂબ આશ્ચર્ય થાય છે

ગુરુની સેવા કરો એવો ઉપદેશ આપનારા મુનિઓને ગુરુઓની જ અવહેલના કરતા જોઉં છું ત્યારે ખૂબ આશ્ચર્ય થાય છે. પાટ ઉપરથી ગુરુનું બહુમાન કરવાનું શીખવતા મુનિવરોને ગુરુનું ભારોભાર અપમાન કરતા જોઉં છું ત્યારે ખૂબ આશ્ચર્ય થાય છે. મને એ નથી સમજાતું કે થોડી વાર પહેલાં તેઓ જે ઉપદેશ આપતા હતા તે કઈ હવામાં ઓગળી ગયો! સ્વાધ્યાય એ જ મુનિનું સાચું જીવન છે એવું કહેનારા મુનિઓ વર્તમાનપત્રોમાંથી મોઢું જ બહાર ન કાઢે ત્યારે તો ભારે નવાઈ લાગે છે કે તેઓ આમ કેમ કરતા હશે? પોતાના આશ્રિત શિષ્યને એક અક્ષરનું ય જ્ઞાન ન આપનારા ગુરુઓ સાધ્વીજીઓને ભણાવવા માટે શા માટે ખૂબ ઉત્સુક હોય છે તે તો મને ક્યારેય સમજાયું નથી. મને એ નથી સમજાતું કે જે મુનિની આંખમાં ગરીબ તવંગર બધા સમાન હોય તે ધનવાનને જોઈને લટૂડાં પટૂડાં કેમ કરવા લાગે છે? ક્રિયાઓ તો ભાવોલ્લાસ પૂર્વક તન્મયતાથી કરવી જોઈએ એવું સમજાવનારા મુનિવરો પાંચ સાત મિનિટમાં જ પ્રતિક્રમણ 'પૂરૂં કરી નાખે છે' ત્યારે ખૂબ નવાઈ લાગે છે. યુવાનોને સુધારી નાખવાની ધગશ રાખનારા મુનિવરો પોતાના જ શિષ્યોને નિયંત્રણમાં રાખી શકતા નથી એ જોઈને નવાઈ લાગ્યા વગર રહે ખરી? ઉજેહીની ચિંતા કરનારા મુનિવરો સવારના પહોરમાં ચાર વાગ્યામાં વિહાર ચાલુ કરે છે ત્યારે મનમાં થાય છે કે આમ કેમ? શાસનનો વિકાસ અને તેની પ્રગતિ થાય એવી જવાબદારી જેમના શિરે છે એવા આચાર્યાદિ મુનિવરોને પોતાના સમુદાયના વિકાસની ચિંતામાં રાચતા જોઉં છું ત્યારે પારાવાર નવાઈ લાગે છે. ઘણીવાર તો પોતાના સમુદાયમાં પણ માત્ર પોતાના ગ્રૂપનો જ વિકાસ થાય એવી પેરવી કરતા પણ અનેક મહાત્માઓ દેખાય છે ત્યારે આશ્ચર્યનો ગુણાકાર થાય છે. જેમની નજરમાં બધા શિષ્યો સમાન હોય એવા ગુરુઓને કોઈ ચોક્કસ શિષ્ય પ્રત્યે અકારણ લગાવ ધરાવતા જોઉં છું ત્યારે એમ થાય છે કે તેઓ આમ કેમ કરે છે? અપ્રિય શિષ્યને કઠોર પ્રાયશ્ચિત્ત અને પ્રિય શિષ્યને હળવું પ્રાયશ્ચિત્ત પણ નહીં, એમ કેમ? વહાલા દવલાની નીતિ આચરતા ગુરુજનોને જોઈને તો નવાઈનો પાર જ રહેતો નથી!

મારૂં શાસન એવી ભાવનાને બદલે મારો ગચ્છ, મારો સમુદાય, મારૂં ગ્રૂપ એવી વાતો સાંભળું છું ત્યારે એમ લાગે છે કે અહીં હું ક્યાં આવી ગયો? શ્રાવકોના મુખે પણ 'કોના સમુદાયના છો' એવું સાંભળું છું ત્યારે આંચકો લાગે છે. આ ભગવાન મહાવીરનાં કપડાં એને નહીં દેખાતાં હોય? એકતાની ખૂબ વાતો કરતા વર્ગને સાથે બેસીને ગોચરી વાપરતાં પણ વાંધો આવે છે તો એ લોકો એકતાનો આડંબર શા માટે કરતા હશે એવું તો ઘણી વાર થઈ આવે છે. એક જ સામાચારીવાળા પણ ભિન્ન સમુદાયના સુપાત્ર અને વંદનીય સાધુ પણ અવંદનીય બની જાય અને સ્વસમુદાયના હોય એટલા

### *આ ભગવાન મહાવીરનાં કપડાં એને નહીં દેખાતાં હોય?*

માત્રથી કુપાત્ર અને અવંદનીય એવો પણ સાધુ વંદનને પાત્ર ગણાય એના જેવી નવાઈ તો ક્યાંય જોવા મળી નથી. અન્યના રાઈ જેવડા દોષોને પર્વત જેવા કરી દેખાડનાર અને સ્વના પર્વત જેવડા દોષો સામે નજર પણ ન કરનાર એવા મુનિને જોઈને એમ થાય છે કે અરેરે આનું શું થશે? અમારો સમુદાય એટલે સુવિહિત અને બાકી બધા કુવિહિત એવી વિચારધારામાં રચ્યા પચ્યા રહેતાં ટોળાંઓને જોઈને કરુણા થઈ આવે છે, આ લોકો ડૂબી ન જાય તો સારૂં. અન્યથા જૈનશાસન પામ્યા છતાં ડૂબી ગયાનું ઓર એક આશ્ચર્ય ઊભું થશે!

ભણવાની વય, કહેવાતી શાસનપ્રભાવના અંગેના વિહારોમાં જ પૂરી થાય, સ્વાધ્યાયનો સમય વાતોમાં પૂરો થાય, આરાધનાનો અવસર સૂવામાં પૂરો થાય, અનુપ્રેક્ષા, ધ્યાન, ચિંતનનો સમય વિવિધ મહોત્સવોમાં પૂરો થાય તો પછી સાધુજીવનનાં રહસ્યો ક્યારે સમજવા મળે? જે હેતુસર ઘર છોડ્યું, કુટુંબીઓ છોડ્યા, એ જ હેતુ મરી પરવારતો દેખાય છે ત્યારે આશ્ચર્યોનાં પૂર ઊમટે છે.

**–આનંદમૂર્તિ**

# પ્રસાદી

**કૃપાળુ ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ**

*મનુષ્યે વાક્ચાતુરી પ્રાપ્ત કરી એટલે તેનામાં સર્વ ગુણો આવી ગયા એમ તો કદી માની શકાય નહીં. મન, વાણી અને કાયાની એકતા જ્યાં જોવામાં આવે છે ત્યાં વાક્ચાતુર્યની સફળતા અવલોકાય છે. ઘણું બોલવાથી અથવા ઘણું વાંચવાથી હૃદય ઉપર જે અસર થાય છે તેના કરતાં હૃદયમાં ઘણું મનન કરવાથી જે અસર થાય છે તે ઓર પ્રકારની છે. હૃદયમાં સ્વતંત્ર વિચાર કરનારાઓની વાણી અને કાયાનું જે વર્તન દેખવામાં આવે છે તે આદર્શ રૂપ અને અન્યોને અસર કરવા રૂપ થઈ પડે છે. આદર્શ જીવન કરવું હોય તો હૃદયના ગુણો ખીલવવાની જરૂર છે. હૃદયના ગુણો ખીલવવાથી કાયિક સદ્વર્તન રૂપ બાહ્ય ચારિત્ર, પોતાની યોગ્યતાનુસાર અને અધિકાર પ્રમાણે ઉચ્ચ થાય છે અને તેથી વાણી દ્વારા બહાર કાઢવામાં આવતા થોડા શબ્દો પણ જગતને ઉત્તમ અસર કરવા સમર્થ બને છે. શુદ્ધ પ્રેમને ખીલવવો હોય તો વાક્ચાતુર્ય કરતાં હૃદયના ગુણોના વિકાસમાં લક્ષ્ય રાખવું. વાણી અને કાયાની ચેષ્ટાથી જગતને ઉપર ઉપરથી આંજી નાખવાનો પ્રેમપાઠ શીખવવા કરતાં હૃદયના શુદ્ધ વિચારોથી શુદ્ધ પ્રેમને કેળવી જગતને પોતાનું વાસ્તવિક વર્તન દેખાડવું એ આદર્શ પુરુષ થવાનું ચિહ્ન છે. વાક્ચાતુર્યથી લોકો છેતરાય છે અને તે સાથે સ્વાર્થવૃત્તિ તો કાયમ રહે છે. વાક્ચાતુર્યથી ખરા જ્ઞાનની પરીક્ષા થઈ શકતી નથી. વાણીના ચાતુર્યથી પોતાની શ્રેષ્ઠતા જણાવવી એ પોતાના આત્માને છેતરવાનું કાર્ય છે. જેનાથી પોતાના આત્માને છેતરી શકાય તેનાથી અન્ય જીવોને પણ કેમ ન છેતરી શકાય? પોતાના આત્માને જેનાથી પ્રકાશી શકાય એવું સદ્વર્તન, સાચા બોલ અને શુભ વિચારો એ જ અન્ય જીવોના શ્રેય માટે છે એવું અવબોધી વાક્ચાતુર્ય પ્રાપ્ત કરવા પહેલાં હૃદયની ઉત્તમતા પ્રાપ્ત કરવી એ જ યોગ્ય છે.*

**બબલુજી**

પ્રિય બાળદોસ્તો, આ બબલુજી નામનો વિભાગ એ તમારો પોતાનો વિભાગ છે.

અહીં તમારી સામે પાંચ ચોરસ રજૂ કર્યા છે. તમારે તો ફક્ત એટલું જ કરવાનું કે આ પાંચ ચોરસમાં જે જૂદી જૂદી આકૃતિઓ છે તેમાંથી કયા નંબરવાળી આકૃતિ નકામી છે તે અમને લખી મોકલવાનું છે. પણ તે શા માટે નકામી છે તે લખવાનું ભૂલવું નહીં. એ જ તો તેની મજા છે. તો બાળદોસ્તો, જો તમે ચોથાથી નવમા ધોરણની વચ્ચેના હો, તો આ સ્પર્ધામાં જરૂર ભાગ લઈ શકો છો. કોઈની મદદ વગર, એટલે કે તમારી પોતાની બુદ્ધિથી જ તમે આ કોયડો ઊકેલ્યો છે તેવું તમે પત્રમાં ખાસ લખજો, હોં કે. સાચા જવાબો આપનારા બાળદોસ્તોનાં નામો અમે 'જય જિનેન્દ્ર'માં રજૂ કરીશું. જેનો જવાબ સૌથી પહેલાં અમને મળી જશે તે બાળકને એક આકર્ષક ગિફ્ટ 'જય જિનેન્દ્ર' તરફથી આપવામાં આવશે.



1 2 3 4 5

પ્રિય બાળમિત્રો,

'જય જિનેન્દ્ર' શરૂ કરે છે એક 'ફ્રેન્ડસ ક્લબ.' જે બાળદોસ્તો નિયમિત નવકારશી, ચોવિહાર અથવા તિવિહાર અને નિયમિત જિનપૂજા કરતા હોય એવાં ચોથાથી નવમા ધોરણનાં બાળકોની બનેલી આ 'ફ્રેન્ડસ ક્લબ'ના સભ્ય બનવા માટે તમને આમંત્રણ છે. આ ક્લબના સભ્ય બનવા માટે તમારે કોઈ ફી ભરવાની નથી.

**'ફ્રેન્ડસ ક્લબ'ના સભ્ય બનવાના ફાયદા**

- તેજસ્વી બાળકોને શિક્ષણમાં મદદ.
- 'જય જિનેન્દ્ર' તરફથી અવારનવાર યોજાનાર તીર્થોની યાત્રામાં વિના મૂલ્યે યાત્રાનો લાભ.
- 'ફ્રેન્ડસ ક્લબ'ના દોસ્તોનું અવારનવાર સ્નેહ-મિલન અને એમાં સમૂહ સ્નાત્ર, આંગી સ્પર્ધા, પ્રભાવના, ઉખાણાં, ગમ્મત, જોકસની મહેફિલ, વક્તૃત્વ સ્પર્ધા, ધીંગામસ્તી, ધમાલ વગેરેની મજા જ મજા, જલસા જ જલસા.

દોસ્તો, મેમ્બર બનવા માટે શું કરવું પડે તે માટે બાજુમાં આપેલું બોક્સ જુઓ.

*ફ્રેન્ડસ ક્લબના સભ્ય બનવા આજે જ ફોર્મ મેળવી લો*

### ફ્રેન્ડસ ક્લબના સભ્ય બનવા માટે નિયમો અને સમજણ

પ્રતિદિન જિનપૂજા અનિવાર્ય.

રાત્રિભોજનનો ત્યાગ (તિવિહારની છૂટ છે).

સભ્યોને આપવામાં આવે તે મુજબના અભ્યાસક્રમ પ્રમાણે દરરોજ ઓછામાં ઓછી એક લીટી જેટલી નવી ગાથા કરવી અનિવાર્ય.

'જય જિનેન્દ્ર' દ્વારા નક્કી કરાતાં બાળદોસ્તોનાં કાર્યક્રમોમાં હાજરી આપવી ફરજિયાત છે.

આ નિયમો સ્વીકારનાર કોઈ પણ ફિરકાનાં બાળકો સભ્ય બની શકે છે.

ચોથા ધોરણથી લઈને નવમા ધોરણ સુધીના કોઈ પણ બાળક માટે સભ્યપદ ખુલ્લું છે.

અન્ય ધાર્મિક સંસ્થાઓ/બોર્ડિંગો સાથે ન જોડાયેલાં બાળકો જ 'ફ્રેન્ડસ ક્લબ'માં સભ્ય બની શકશે. કેમ કે બીજી સંસ્થાઓમાં જોડાયેલાં બાળકોને તો પૂર્વોક્ત લાભો મળતા જ હોય છે. સંસ્થાનો ઉદ્દેશ નવાં બાળકોને ધર્મમાં જોડવાનો છે.

વહીવટી સુગમતા ખાતર હાલ તુરતમાં અમદાવાદ ગાંધીનગરનાં બાળકો પૂરતી જ આ યોજના છે.

*ફ્રેન્ડસ ક્લબના સભ્ય બનો, તમારા મિત્રોને પણ આ ક્લબમાં જોડાવા કહો. સંસ્કારી દોસ્તોનું વર્તુળ વધારો. 'જય જિનેન્દ્ર'માં તમે પણ લેખ લખો.*

# ઉપાસનાઓ કેમ ફળતી નથી?

લોકોની ફરિયાદો હોય છે : અમે આટલા બધા નવકાર ગણ્યા. અમને કંઈ ફળ ન મળ્યું! અમુક મંત્રોના આટલા બધા જાપ કર્યા પણ કોઈ ફાયદો થયો નહીં. અમુક મંદિરમાં આટલા વાર ભર્યા, અમુક તીર્થોમાં આટલી પૂનમો ભરી, જે જે મંદિરના જે જે રિવાજો હતા તે મુજબ પૂજાઓ કરી, પણ કોઈ જ લાભ થયો નહીં. આવી ફરિયાદો કરનારો બહુ મોટો વર્ગ છે. ઘણીવાર એમની ફરિયાદો વ્યાજબી પણ હોય છે અને ઘણીવાર નથી પણ હોતી. વ્યાજબી એટલા માટે હોય છે કે તેમણે ઘણી ઉપાસનાઓ કરી એ હકીકત હોવા છતાં તેમને કોઈ ફળ નથી મળ્યું હોતું. ગેરવ્યાજબી એટલા માટે હોય છે કે તેમણે એકનિષ્ઠાથી ઉપાસના કરી નથી હોતી. તેઓ જૂદા જૂદા વાર કરે છે, જૂદી જૂદી જગ્યાએ પૂનમો ભરે છે. આ દેવને પડતા મૂકીને પેલાને પકડે છે, પેલાને પડતા મૂકીને આને પકડે છે. કોઈ કહે છે કે આગલોડ જાઓ તો ત્યાં પહોંચી જાય છે, કોઈ કહે છે કે મહુડી જાઓ તો ત્યાં પહોંચી જાય છે, કોઈ કહે છે કે અમુક મહારાજ સાહેબ પાસે વાસકેપ નખાવો તો તેમ કરે છે. એમને 'ઇન્સ્ટન્ટ' ફળની અપેક્ષા હોય છે! બહુ બધે ફરવાના કારણે તેઓ મનથી વિક્ષિપ્ત થઈ ગયા હોય છે. અસ્થિરતાના કારણે તેઓ ફળ મેળવી શકતા નથી. તો જેમની ફરિયાદો વાજબી છે તેમનું શું? તેમણે પણ કોઈ ને કોઈ ભૂલો કરી હોય છે. તેઓ માત્ર પુસ્તકના આધારે સાધના કરવા બેસી જાય છે. તેઓ ઉચ્ચારશુદ્ધિ, મનશુદ્ધિ, વિધિશુદ્ધિ, સાધનશુદ્ધિ વગેરે સાચવી શકતા નથી. મંત્રોપાસના દરમ્યાન જે જે બાબતો ખાસ સાચવવી જોઈએ તે તે બાબતો તેઓ સાચવી શકતા નથી, પરિણામે તેમની સાધના પણ વિફળ બની જાય છે.

હું એક વ્યક્તિને ઓળખું છું. તેઓ પદ્માવતી માતાને રીતસર પંચાંગ પ્રણિપાત પૂર્વક નિયમિત ખમાસમણ આપે છે! મેં તેમનું ઘણીવાર ધ્યાન દોર્યું છે કે આમને ખમાસમણ ન દેવાય! તેઓ મારી વાતનો પ્રતિકાર તો નથી કરતા પરંતુ ખમાસમણ દેવાનું બંધ પણ નથી કરતા! એમની માટે એ વળગણ બની ગયું છે. મારી દેખતાં તો તેઓ માતાજીને ખમાસમણ આપવાની હિંમત નથી કરતા પરંતુ હું દેરાસરમાંથી આઘોપાછો થાઉં તેની રાહ તો

**અનુસંધાન ચોથા પાને**

## નવું પ્રકાશન

**બિહારની યાત્રાના મારા અનુભવો**

લેખક : ડૉ. રશ્મિકાન્ત શાહ
પ્રકાશક : કેવલી ફાઉન્ડેશન
૨, રાજદીપ, કસ્તૂરબા રોડ નં. ૧,
બોરીવલી (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૬૬
પૃ. ૧૬, મૂલ્ય ૫/-

તાજેતરના ભૂતકાળમાં શ્રી. સમેતશિખરજી વગેરે તીર્થોની યાત્રાએ જઈ આવેલા લેખકે બિહારના પ્રવાસમાં પોતાને થયેલા ખટમીઠા અનુભવો આ પુસ્તિકામાં આલેખ્યા છે, જેમાં ખાટા વધારે અને મીઠા ઓછા છે. સામાન્ય રીતે જૈન તીર્થોની યાત્રા કરીને આવનારા પ્રવાસીઓ ત્યાં પોતાને પડેલ અગવડો કે થયેલા કડવા અનુભવો બદલ પોતાના સર્કલમાં ઊભરો ઠાલવવાથી વિશેષ કશું કરતા નથી. જૈન તીર્થોમાં સ્ટાફની, વ્યવસ્થાની ખામીઓ એ હવે રોજિંદી બાબતો બની ગઈ છે. જો જાહેરમાં વાચા આપીને તેની માર્મિક પણ સંતુલિત રજૂઆત કરવામાં આવે તો લાજે શરમે પણ વ્યવસ્થામાં સુધારો થવાની શક્યતા રહે છે. એ દૃષ્ટિએ લેખકનો પ્રયાસ આવકારવા પાત્ર છે. પુસ્તિકામાં પ્રાસંગિક રીતે તીર્થોમાં આપણા ખીસા ઉપર નભતા ભિખારીઓ, ભાડુતી ગાયો, ડોળીવાળાઓ વગેરે અંગે લેખકે સુંદર પ્રકાશ પાડ્યો છે. ભવિષ્યમાં શિખરજીની યાત્રાનું પ્લાનિંગ કરનારા પુણ્યવાનોએ આ પુસ્તિકા એકવાર અવશ્ય વાંચી જવા જેવી છે.

શત્રુંજય તીર્થની શુદ્ધિનું કાર્ય થોડાં વરસો અગાઉ થયું હતું તેને ટાંકીને લેખકે સમેતશિખરની શુદ્ધિનું જે સૂચન કર્યું છે તે જૈન આગેવાનોએ વધાવી લેવા જેવું છે.

## ‘જય જિનેન્દ્ર’

પૂજ્યપાદ ગુરુ ભગવંતોને નમ્ર વિનંતી કે આપશ્રી ‘જય જિનેન્દ્ર’ મેળવવા માગતા હો તો અમને જાણ કરો. પ્રથમ વરસ માટે પૂજ્ય ગુરુદેવોને વિના લવાજમે અંક મળે તેવી વ્યવસ્થા અમે ગોઠવી રહ્યા છીએ. આ માટે આપે માત્ર આપનું કાયમી સંપર્કસૂત્ર અમને મોકલવાનું રહેશે. આપને સમગ્ર વરસ દરમ્યાન ‘જય જિનેન્દ્ર’ના અંકો મળતા રહે તેવું આયોજન અમે કરીશું.

**ચર્ચામંચ**

‘જય જિનેન્દ્ર’નું

# આહ્વાન

**શું જૈનો ધાર્મિક લઘુમતી છે?**

**‘હા’ કે ‘ના’**

જો હા તો શા માટે?
જો ના તો શા માટે?

આપ આ મુદ્દાની તરફેણ કરતા હો કે વિરોધ કરતા હો, આપના વિચારો ઓછા પણ મૂલ્યવાન શબ્દોમાં ‘ટુ ધ પોઇન્ટ’ અમને લખી જણાવો.

**વ્યક્તિગત ટીકાટિપ્પણ : ‘નો પ્લીઝ’**

**ઉપાસના...**

**અનુસંધાન ત્રીજા પાનાનું ચાલુ**

જોતા જ હોય છે! અને પછી તક જોઈને તેઓ માતાજીને ખમાસમણ આપે ત્યારે જ તેમને શાંતિ થાય છે! એ ભાઈ પાંચ વરસ પહેલાં હતા ત્યાંના ત્યાં જ છે! તેઓ ભૂલી જાય છે કે માતાજી ખમાસમણથી રાજી નથી જ થવાનાં! કદાચ પાંચ વરસ પછી પણ તેઓ ત્યાં જ હશે! પછી તેઓ ફરિયાદ કરશે કે મેં માતાજીની આટલી બધી ભક્તિ કરી પણ મને તેનું કંઈ ફળ ન મળ્યું! આ લોકોની ફરિયાદ વ્યાજબી પરંતુ તેમની ઉપાસનામાં પાયામાં જ ખામી. આવા લોકોએ આત્મનિરીક્ષણ કરવું પડે કે તેઓ ક્યાં શું ખોટું કરી રહ્યા છે.

ઉપાસનાઓ નહીં ફળવાનું એક કારણ એ પણ છે કે તેમણે જે ઉપાસના ચાલુ કરી છે તે તેમને યોગ્ય છે કે નહીં, તે તેમણે પહેલેથી ચકાસ્યું નથી હોતું. વિટામીન સી.ની જરૂરત હોય અને દર્દી વિટામીન બી. લીધે રાખે એમાં દવાનો વાંક કાઢવા ન બેસાય. એ વિટામીન હોય તોય નુકસાન જ કરે. શરીરને જેની જરૂરત હોય તે વિટામીન તેને મળે તો જ તે ફાયદાકારક બને. આથી સાધકે પહેલાં તો એ ખાતરી કરી લેવી જોઈએ કે તે જે ઉપાસના કરે છે અથવા કરવા ધારે છે તે તેના માટે બરોબર છે કે નહીં.

**– પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મ.**

## ● ઘટમાળ

★ સમગ્ર વિશ્વમાં ગત ચૈત્ર સુદ ૧૩ના શ્રમણ ભગવાન મહાવીરનું ૨૬૦૦મું જન્મકલ્યાણક ધામધૂમ, ઉલ્લાસ અને ગંભીરતાના વાતાવરણમાં ઊજવાયું હતું. ભારતમાં પણ પૂજ્ય આચાર્યાદિ ગુરુ ભગવંતોની નિશ્રામાં નાના મોટા મહોત્સવો અને ધર્મસભાઓનું આયોજન થયું હતું. વિશ્વમાં પ્રવર્તતી અશાંતિ દૂર થાય તે માટે વિવિધ સ્થળોએ પ્રાર્થનાસભાઓનું આયોજન પણ થયું હતું. ‘જય જિનેન્દ્ર’ દ્વારા આ અવસરે ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશ ઉપર આધરિત એક વિશેષ પૂર્તિનું પ્રકાશન તેના પ્રથમ અંક તરીકે કરવામાં આવ્યું હતું. આ અંકને ખૂબ સારો આવકાર મળી રહ્યો છે.

★ પરમ તપોનિધિ પૂજ્યપાદ અનુયોગાચાર્ય શ્રી સૂર્યસાગરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે ચૈત્ર વદ ૪, મંગળવારના રોજ ભગવતી પદ્માવતી માતાના પૂજન હવનાદિનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીની સ્વર્ગતિથિના ઉપલક્ષ્યમાં તેઓશ્રીના અંતેવાસી પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની શુભ પ્રેરણાથી વિવિધ હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને દવાઓનું વિતરણ, મધ્યમ વર્ગના સાધર્મિકોમાં અનાજનું વિતરણ, અનુકંપાદાન, પાંજરાપોળોમાં દાન વગેરે કાર્યો કરવામાં આવ્યાં હતાં. ‘જય જિનેન્દ્ર’ પરિવાર આ સેવાયજ્ઞમાં લાભ લેનારા પુણ્યવાનોની અનુમોદના કરે છે. પોતાના નામનો પ્રચાર ન થાય તેવી કડક તકેદારી રાખનારા આ અનામી સેવાનિષ્ઠ સજ્જનોની સેવાનું મૂલ્ય આંકવા માટે ‘જય જિનેન્દ્ર’ પાસે કોઈ શબ્દો નથી.

★ કલિકાલમાં અજોડ શાસનપ્રભાવક પરમ પૂજ્ય સ્વ. આચાર્ય શ્રીવિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજ ચૈત્ર વદ ૨, રવિવાર, તા. ૨૮ એપ્રિલ ૨૦૦૨ના રાતે ૯.૪૮ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. અમદાવાદના પાલડી ખાતે આવેલી દશાપોરવાડ સોસાયટીના ‘પ્રશમ’ બંગલામાં છેલ્લા કેટલાક સમયથી તેઓશ્રીએ સ્થિરતા કરી હતી. છેલ્લા કેટલાક સમયથી તેમનું સ્વાસ્થ્ય કથળેલું તો હતું જ, એમાંય છેલ્લે લો-સુગરની તથા શ્વાસની તકલીફ ઊભી થઈ હતી. તેઓશ્રીના પરિવારના આચાર્યાદિ મુનિવરોએ અંતિમ અવસ્થા સુધી તેઓશ્રીની દાખલારૂપ સેવા બજાવી હતી. બીજા દિવસે નીકળેલી તેઓશ્રીની અંતિમયાત્રામાં હજારો ભાવિકો ઊમટ્યા હતા. ‘જય જય નંદા, જય જય ભદ્દા’ના જયનાદોથી ભક્તોએ આકાશ ગજવી મૂક્યું હતું. ‘જય જિનેન્દ્ર’ પરિવાર સ્વર્ગસ્થ આચાર્યશ્રીને ભાવભરી અંજલિ અર્પે છે.

●

**સ્પંદન**

કેટલાક લોકો એવા ‘જજ’ હોય છે જેઓ કેસ ચલાવ્યા વિના જ ફાંસીની સજા કરી શકે છે! આવા જાતે બની બેઠેલા જજોની સૌથી વધારે સંખ્યા ભારતમાં છે!

●

**અમારા આત્મારામભાઈ**

આત્મારામભાઈ (ઉપલા માળના રહેવાસીને): ‘એ... તમે હવે તમારા નૃત્યની પ્રેક્ટિસ બંધ કરો તો સારું. તમારી આ ધબાધબથી તો હું ગાંડો થઈ જઈશ.’
‘તે થઈ જ ગયા લાગો છો,’ ઉપલા માળેથી કોઈકે સૂરીલા અવાજે કહ્યું: ‘નૃત્યની પ્રેક્ટિસ બંધ થયાને તો એક કલાક વીતી ગયો. કાકા!’

‘જય જિનેન્દ્ર’ કાર્યાલય દ્વારા ૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદથી પ્રકાશિત. સંપાદક : નિર્વેદ આચાર્ય.